I call these four the foundations on which this present system of education is based—it is these four principles that have stunted our growth—given us the physical & the moral stoop and are the real cause of our slave mentality. These four corner-stones ot this structure with their baneful consequences would by themselves be quite sufficient to damn any system of Education yet I am sorry to say that these do not exhaust my list. From that glow many a minor but none the less potent cirts with the mere enumeration of which I shall have to content myself for the present and some of these are that (1) this education makes for an empty and barren intellusualism helpful to a slight degree to a critical faculty but stunting all creative and originative prowess. This system affords no training to our various faculties. It is unmoral, and unreligious. The physical side it has hopelessly neglected. As for the cultivation of the emotions it does not seem to suspect even the existence of emotions in an Indian. (2) It is frightfully costly for a poor nation like ours.

Some of the results of these varions causes were exposed to the public view by the recent Non-Co-operation movement as it affected the student world throughout the length and breadth of India; the students have shown a strange weakness, and indecision and a want of character such as no young man in the world would be guilty of. It was indeed painful to see the pendulem—like movement of leaving and going back to the Chulam khanans. So disgusting was the sight that the teachers and professors of the diflerent insititutions as I have heard from them have come to respect the Non—Co—Operating students more than those who are yet with them. Having thus exposed to your view the fundamental errors underlying the peresent system of education and some of its resulting evils I will try to analyse some of the points that are sought to be made out in its favour by some of its advocates. The stock argument that is repeatedly used against us is that some of the biggest men of India of the present times are the products of this education—men like Mahatma Gandhi Lokmanya Tilak and others. This point was partially answered in one of the recent issuses of "Young India" by Mahatmaji himself. He pointed out that India before the advent of this system of education had produced men greater than himself and his contemporaries, men like Buddha, Shankar, Guru Nanak, Chaitanaya and a host of others—a galaxy of shining stars of the first magnitude. In quality as well as in quantity of the great ones produced this age has no special advantages over the former ages of Indian history, rather the advantages are in favour of the latter. And if this be so the older system of education compared to its modern rival must carry the day. But to my mind it appears that the great ones here or elsewhere are the products of No system of education. They are there inspite of

surroundings and circumstances. According to the Hindu doctrine of Karma and past Sanskars men like Tilak and Gandhi are the prodncts of tapsya and effort carried out in previous births.

Moreover you know that all these great men of India, men like Tilak and Gandhi have repudiated the present system of education. Gandhi stands in revolt against it. Tilak Maharaj tried to reform it and it is said that once he said that if the Furgussen college had not been overenamoured of Government he would have passed his life teaching in the college. Rabindra Nath Tagore has built a new temple of education at Bolepore. Lalla Lajpat Rai being disgusted with the D. A. V. College has not yet found a safe heaven of National education. To mo it appears that these great ones are great because they are the irreconcileable rebels from this modern soulkilling, denationalizing, devitalising, system of instruction which it has been our painful lot to be brought under and who knows, but that for the blasting influnces of this education these great ones of ours would have been greater, would have been taller and might be would have with them many more who under taller circumstances could not have failed to achieve greatness. The second point brought forward in favour of this education is that it has given us the idea of Nationality. True it has given us this idea but we cannot admit it to be an advantage unless we have analysed this idea of nationality imported from the west. The western nationality as we know it is based upon the idea that whoever is not my countryman is a natural enemy of mine and if such a one stands in the way of my national ambitions and aggrandisments, however crooked they might be, he might be thrust aside without incurring any moral turpitude. Not only any individual but any nation that stands or merely seems to stand in the way of my nation's ambitions

however crookedly conceived, must be crushed and made to subserve my nation's material advantage. The world according to this nation idea is made of warring groups or units and the law that guides them in their conduct towards each other is the natural law that guides the lower world of animals "red in tooth and claw"—the law of "Might is Right." If this is their noble nation idea they cannot possibly impart to us any better and I hold they have imparted to us no better. We know how much blood during the last two or three centuries has been split at the alter of this new western monster 'the Nation Idea' We know how countries and continents have been devastated by this all devouring new religion that Protestant Europe found out as a fitting substitute for their religion of fanaticism which could inspire into them belief no more. In the Punjab we saw how this Nation idea made a general Dyer to spilt innocent blood of our men women and children simply because he conld not contemplate the idea of being laughed at by the members of a subject and inferior race. We know how this national consciousness in the English man makes him to think that every single individual English life here in India is worth more than a thousand Indian lives. This nation idea that has led to the bloodiest wars in the world including the last terrible catastrophe is really what they have given us and what we have been aspiring after and what we worked for with such disastrous results after the partition agitation. The nation idea that is built upon the plunder of other people this idea which says that if you happen to be weak you need not stick at any means that might be necessary for your national regeneration—you may employ any means however, crooked, however immoral, provided you succeed in realising the National goal. This idea that is subversive of all morality, the idea that "the end justified the means" justified —

few years back in the eyes of our young men secret murder dacoity and other political crimes which Europe has always connived at nay which it has always approved of in the name of National liberty If this is the nation idea that we have got as a gift from the west the sooner we make a present of it to its original owners the better for the salvation of our soul national and inaividual. And having made a present of this idea to the west to destroy itself as it may and as it has been already doing, let us out of our own culture civilization and inner national consciousness evolve out a nation idea that will not be in conflict with humanity aud one that will be true to the "Kindred points of heaven and home"—a nation idea in the service of which the service to humanity is truly fulfilled—a nation idea that fulfils the higher law of our being and not one that destroys it. And are we not to-day evolving such a nation idea that is based on love and ahinsa—the idea that has been dreamt of by our great leader Mahatma Gandhi and which if his scheme of self purification the scheme of non violent Non-Co-Operation suceeeds cannot fail to give us what Europe has not and what Europo will have to accept if it is not to perish body and soul in the near future—a natien idea that shall have its motto written in letters of gold "Love thy neighbour nation as you love your own nation." Thus would be fulfilled among nations as among individuals the the golden rule of life " Do unto others as you would be done by."

Lastly it is claimed for this education that it has awakened us to some of our social evils and have suggested remedies which we are employing under western inspiration. Take for example the caste system. Under the impulse of modern education we have tried to abolish the caste and to a certain extent we have succeeded. Let us see how far this claim of the social reformer guided by the

light of the west is justified. To claim for western education what all our reformers from Buddha to Guru Nanak have felt to be an evil and have in their own way tried to modify is really to show an utter lack of historical knowledge possible only in an Indian educated under the present system. True the prophets of old did not employ the modern ways of cursing their countrymen for their draw-backs. Let us see what has been the result of cursing our countrymen of the caste evil by mesns of curses which the reformer has hurled at the head of the orthodox I was once a studednt at Poona. I saw an association of reformers earnestly at work to abolish among other things the caste system. They went on cursing the people for their folly and the result was that those curses were hurled back at them with a compound interest of bitterness so intense that the poor reformers had to retire from the city and pitch their their tents outside, on the slopes surrounding the Fergusen college hills. There they are lodged even to-day for all visitiors to see a caste by themselves as proud and arrogant as any caste of old. Yet a greater reformer like Nanak if he could not altogether succeed in abolishing the caste system throughout India did not create a separate caste of the Nanakites. This is how the present system is helping us to solve our present social problems. As in the case of nation idea so in the case of all reforms social political, educational or religious we will have to evolve out a methold of work suited to the genius of our people and the west can never find out solutions for us solutions that will be serviceable and permanently useful.

I have in my own humble way tried to prove that all that is claimed for western education it has not succeeded in accomplishing, and much that education ought to accomplish it has failed to do. It is therefore time that we began to set our

house in order. We in British India are trying to do that and you if you have the national good at heart can not do better then follow and help us. I have no doubt that the students of Saurashtra will take up the work of educational reconstruction in right earnest and will not rest satisfied until the goal is reached and we are no more polluted with this godless education.

I have not, gentleman, placed befare you any scheme of National Education. That is a task which requires the joint labours of many and expert brains. Your leadears engaged in the task of National education decided at Bizwada to call a conference in the second week of May next which is to sit in Benares and which would not break up until a complete scheme of national education has been devised and kept before the nation. For any constructive programme I would ask you to wait for the delibertion of this conference of experts soon to meet in the holy city of Kasi and I have no doubt that something worthy from the city which has for centuries been the centre of Indian learning will be coming out to guide our future educational efforts.

In the end I would appeal to you my young friends of Shurashtra that you will not rely upon your rulers for this necessary reform nor would you much upon your elders but you will try to take the matter into your own hands and as far as possible make up for yonr little deficiency in intellect by your honesty, earnestness, enthusiasm and humility. May the Great God the giver of all good vouchsafe unto you the success that all right-directed effort richly deserves.

કાઠિયાવાડ વિદ્યાર્થી મહાસભા (રાજકોટ) ના સન્માન કારિણી સભાના પ્રમુખ રા. પ્રાણજીવન વાલજી જોશીનું ભાષણ.

॥ वन्दे मातरम् ॥

સન્માનકારિણી સભાના પ્રમુખનું ભાષણ.

પ્રતિનિધિ-સન્નારીઓ, ગૃહસ્થો અને સૌરાષ્ટ્રની સમસ્ત વિદ્યાર્થી આલમ !

આપ સૌનું સ્વાગત કરવાને સન્માનકારિણી સભાએ પોતાના તરફથી મ્હને ન્હાનાને મોટો કરી દેખાડવા ઉભો કર્યો છે. મ્હારા જેવા બાળક જેવાને આ મહાસભા આગળ સ્વાગત સભાનું પ્રમુખ પદ આપવાની જે ઉદારતા તેમજ મહેરબાની થઇ છે તેને માટે હું ખરા જિગરથી ઉપકાર માનું છું. મ્હારા કરતાં આ કામ વધારે સારી રીતે બજાવી શકે અને મંજુલ મિષ્ટ વાણીથી આપનું આતિથ્ય કરી શકે એવા અનેક સભ્યો આ સભા ધરાવે છે, છતાં પ્રમુખપદ લેવાની મ્હને આજ્ઞા થતાં આપ સૌનું સ્વાગત કરવાની સોનેરી તક મને મળવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આપ સૌ ભાઇ બ્હેનોએ મુસાફરીનો પરિશ્રમ વેઠી તથા જરૂરનાં કામકાજ પડતાં મુકી આ કાઠિઆવાડના કેન્દ્રસ્થાનરૂપ, સૌરાષ્ટ્રના શણગારરૂપ પાટનગર રાજકોટમાં દેશોદય માટેના શિક્ષણ સંબંધે વિચાર કરવા અત્રે પધારવાની જે મહેરબાની બતાવી છે તેને માટે સન્માનકારિણી સભા તરફથી હું ઉપકાર માનું છું. અને ખરા જિગરના હાર્દિક સત્કારરૂપ દૃષ્ટિથી આપને વધાવું છું.

આપણા આગમનનું કારણ આપ સૌ સારી રીતે જાણો છો. શાળામાં અપાતા રગશિયા ગાડા શિક્ષણની શૈલી વિષે પુણ્યશ્લોક મહાત્માજીના કેવા કેવા વિચારો છે, તે આપનાથી અજાણમાં નથી. રાષ્ટ્રિયશિક્ષણ દેશના જુદા જુદા ભાગમાં અપાવું જોઇએ અને એ વિષે આપણે હવે તો લોર્ડ મોર્લીનું વાક્ય દેશના એક છેડાથી બીજા છેડા સુધીના આ બાલવૃદ્ધના મ્હોમાંથી સાંભળીયે છીએ અને તે આ છે કે.

No nation can live and exist without national education.

ઉક્ત પંક્તિનું રહસ્ય અખિલ ભારતવર્ષે સંપૂર્ણ રીતે સમજ્યું છે, અને તેનો પડઘો આપણા કર્ણોમાં કર્ણેંદ્રિયકર્ણ પૂર જોસથી અથડાય છે. તો આ પ્રમાણે યોગીશ્વર કૃષ્ણચંદ્રના પુણ્યપવિત્ર દેશ સુરમ્ય સૌરાષ્ટ્ર કે કાઠિયાવાડમાં એ શિક્ષણ સંબંધે શી શી યોજનાઓ યોજવી જોઈએ, અને શી રીતે તે કાર્ય પાર ઉતારી અમલમાં મૂકવું તે સંબંધે ઉહાપોહ કરી આજે આપણે નક્કી કરવાનું છે. કાઠિયાવાડ ન્હાના મ્હોટા દેશી રાજ્યોનો સમુહ છે તે ખ્યાલમાં રાખી રાષ્ટ્રિય શિક્ષણનું પવિત્ર કાર્ય હાથ ધરવાનું છે.

રાષ્ટ્રિય શિક્ષણ એ નામ તો ઘણુંજ મંજુલ અને કર્ણપ્રિય છે. રાષ્ટ્ર ભાવના જાગ્રત કરવાને માટે એ નામ ઘણુંજ જરૂરિઆતનું છે; પણ ખરેખરી રાષ્ટ્રભાવના જગાવવાને તો આત્મભોગની ખાસ જરૂર છે. " લે લાકડું અને કર ખેરાયું " એ કહેવત પ્રમાણે કેટલાક આપણને યાદ કરાવે છે કે:—વિદ્યાર્થીઓ મા તથા બાપના કહેણમાં ન રહેતાં ઉચ્છૃંખલ બની પરતંત્રતામાંથી નીકળી સ્વતંત્ર થવાને બદલે અતંત્ર થઇ જશે એમ કેટલાક આક્ષેપ કરે છે. તે વાત પણ લક્ષમાં લઇ આપણે રાષ્ટ્રિય શિક્ષણની રચના કરવાની છે અને કાર્ય પાર પાડવાનું છે. નાણાં અને આત્મભોગ આપનારા માણસોની આપણને જરૂર છે, સરકાર દરબાર કેળવણી માટે બીજા દેશોના પ્રમાણમાં તેમજ બીજા ખર્ચોના પ્રમાણમાં ઘણાં ઓછાં નાણાં ખર્ચે છે. વધારે સ્પષ્ટતાના સ્વરૂપમાં કહીએ તો પરચુરણ ખર્ચના એક પેટાવિભાગ (Miscellaneous items) તરીકે ગણી કાઢે છે. આ વસ્તુસ્થિતિ આપણી કેળવણીની છે.

આપ જેવા વિદ્વાન્ મહાશયો સઘળું ધ્યાનમાં રાખી યોગ્ય કરવાનું સામર્થ્ય ધરાવો છો. મ્હારા જેવા મહાસભાના એક તદ્દન અપરિપક્વ, બિન અનુભવી બાળક પાસેથી કંઇ લંબાણપૂર્વક સૂચનાની આશા આપ રાખી શકો નહિ. આપની કૃપા માત્રથીજ હું મ્હારા પ્રમુખપદનો નિર્વાહ કરી શકું. મહાસભા વિષે આપની સમક્ષ ભાગ્યાતૂટ્યા શબ્દો રજુ કરતાં નમ્રતાપૂર્વક રજા લઉં છું.

૧ બાળકોપર ભણતરનો જે બોજો વધ્યો છે તે ઓછો થવો જોઇએ. જરૂરના વિષયો અભ્યાસક્રમમાં દાખલ થવા જોઇએ. અને ઓછી જરૂરના કાઢી નાખવા જોઇએ.

૨ અભ્યાસક્રમ કે ધોરણો વધારે જવાથી ભણવાનાં વર્ષો એટલે સુધી વધી ગયાં છે કે લગભગ અર્ધું આયુષ્ય તો ભણતરમાંજ પસાર થઇ જાય છે માટે બીજી પ્રકૃતિ કેળવે વધારે કામની આવે એવા વિષયોનો પ્રબંધ થવો જોઇએ.

૩ દેશના ઉદ્યોગો વધારનારી કે ધંધો ધાપો ખીલવનારી કેળવણી ખાસ દાખલ થવી જોઇએ. રેંટીયો તો અવશ્ય દરેક સંસ્થાઓમાં જલ્દીથી દાખલ થઈ જાવો જોઇએ, દેશને જરૂરના બીજા ઉદ્યોગ હુન્નરનું વ્યાવહારૂ જ્ઞાન ભવિષ્યની પ્રજાને અવશ્ય મળવું જોઇએ. માત્ર કારકુની માટે તાલીમ આપનારાં, તંદુરસ્તીનું વિધ્વંસ કરનારાં કતલખાનાં તો હવે જરૂર નાબુદ થવાં જોઇએ.

૪ માતૃભાષાદ્વારા શિક્ષણ અપાવું જોઇએ અને અન્ય ભાષાઓ તો બીજી ભાષા (**Second Language.**) તરીકે શિખવાવી જોઇએ. માતૃભાષાદ્વારા મળેલા જ્ઞાનની સચોટ અસર મરણપર્યંત પણ ભુલાતી નથી.

૫ બુદ્ધિનો ફેલાવ થાય, શરીર રૂષ્ટપુષ્ટ થાય, અને ખાસ કરીને નૈતિક અને ધાર્મિક કેળવણીથી ચારિત્ર્ય સારૂં ઘડાય એવી રીતે કેળવણી અપાવી જોઇએ. ભણીગણીને સફેદ (**Well Refined**) ઢગ થાય એ શૈલી તો આપણને હવે પાલવવી ન જોઇએ.

૬ સ્વમાન સાચવીને શિક્ષકો તથા બાળકો નિડરતાથી કામ કરતાં શિખી શકે તે ધોરણે કેળવણી અપાવી જોઇએ. જે કેળવણી સારા શહેરી સારા કારીગર કે સભ્ય અને સુશીલ નવયુવક ઉપજાવી ન શકે તેને કેળવણીનું નામ છાજે ખરૂં કે ?

૭ શિક્ષક મંડળની દયામણી સ્થિતિમાં થવો જોઇતો ફેરફાર.

અ પગારના સંબંધે તો કહેવુંજ શું ? એક સાધારણ મજુર એક સુશિક્ષિત શિક્ષક કરતાં વધુ કમાય. મતલબ કે કુટુંબ પોષણ જેટલો પગાર ન મળી શકે તો તે પછી સંતોષકારક કામ કઇ રીતે કરી શકે ?

બ પ્રાથમિક શિક્ષણનો પાયો મજબુત થવા માટે સારા ચારિત્ર્યવાળાને સંસ્કારી શિક્ષકો કામ કરે તેમ થવું જોઇએ.

ક ઇન્સ્પેક્ટરોનું મંડળ શિક્ષકોને અનુકુળ થઇ પડે તેવું તેમને રસ્તો બતાવનારૂં હોવું જોઇએ. માત્ર પરીક્ષણ કરનારૂં કે ઉપરીપણું બજાવનારૂં ન હોવું જોઇએ.

ड પ્રથમ કાઠિયાવાડમાં કેળવણી ખાતું જુદા જુદા સ્ટેટો વચ્ચે વ્હેંચાયલું હતું, પરંતુ એકજ વ્યાવહાર એકજ સત્તાધિકારીના દોરથી ચાલતું જેથી તે ખાતાનું સ્વમાન સચવાતુ અને શિક્ષકો વગેરેને ફેરબદલી વધારા (**Promotion** , અને કદર બુજાવા માટે ક્ષેત્ર વિશાળ હતું, અને જેમાં દરિફાઇની તક મળતી પણ હાલ તેને અભાવે શિથિલતા આવી છે તેને નાબુદ કરવા મૂળ મિલી ખાસે જવું જોઇએ.

ક દરેક સ્ટેટોએ ઉપજનો ઘણો સારો ભાગ શિક્ષણનાં ધોરણો સુધારી તથા શિક્ષકોની હાલત સુધારી કેળવણીખાતા માટે ખર્ચવો જોઇએ.

ખ દેશની હાજતો પૂરી પાડવા લોકોએ પણ ભગીરથ પ્રયત્નો કરી રાષ્ટ્રિય શાળાઓ ખોલવી જોઇએ.

ગ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ તદ્દન મફત અપાવું જોઇએ.

પ્રાચીન કેળવણી:—આપણી પ્રાચીન કેળવણી આજના જેવા ભેંકાર અને ભયાનક મકાનમાં અને મ્હોટા સારંજામના દમામથી ભરપૂર નહતી. હતી એતો આર્ય સંસ્કૃતિને દીપાવનાર. હતી એતો ઓજમય, બળ કાંતિમય અને સુખ શાંતિમય. અપાતી હતી એતો ઝાડને છાંયે. અપાતી એતો ખુલ્લી નિશાળોમાં. એ સંસ્કૃતિ બહારથી ગરિબ પણ અંદરથી સર્વાંગ સુંદર સર્વોત્તમ હતી. એવી શાળામાંથી બહાર નીકળનારા તે આપણા હાલના સંપૂર્ણ કેળવાયલા (well-educated) કરતાં કેટલે દરજ્જે ઉતમ હતા તેનો ખ્યાલ આપજ કરો. એવી શાળાઓમાંથી મ્હોટા મ્હોટા તત્ત્વજ્ઞાનીઓ પેદા થયા હતા. બ્રહ્મચર્યાશ્રમની સંકુચિત ભાવના તો આજ કેળવણી પ્રેરે. વિસ્તૃત ભાવના એ વખતે ઉજ્વલંત હતી. અને તેમાંજ આપણું ગત ગૌરવ સમાયલું હતું. આજે તેની ઝાંખી પણ થઇ શકતી નથી. પશ્ચિમે તેને બદલે જંગલી આકર્ષ મૂક્યો છે; તેમાં મોટમ અને સત્તાના ડોળનો ધુમ્ર ગુંગળાવે છે હિંદુસ્થાનનો. ચિનનો કે બીજા જાપાન જેવા દેશનો આવો આદર્શ નથી.

આચાર્યશ્રી ગીદવાણીજીના શબ્દોમાં કહું તો "શિક્ષણ સંસ્કૃતિના આ સ્વર્ગના રાજ્ય આગળ યૂરોપ અને અમેરિકાને પણ વારા ફરતી નાનાં છોકરાંની જેમ શરમાવું પડશે."

જો તમે ઇતિહાસ વાંચ્યો હશે, પહેલેથી ધ્યાન આપ્યું હશે તો જણાશે કે માનુષિક અંધકારની રાત્રિમાં જ્ઞાનની મશાલ વધારેમાં વધારે ઝગઝગતી તો ત્યારેજ હતી કે જ્યારે ઉંડામાં ઉંડી ગરિબાઇનો આપભોગનો અને આત્મયોગનો યુગ પ્રવર્તેલો હતો.

કેળવણીની પદ્ધતિની ભ્રષ્ટતા:—એ તો સહુ કોઇ જાણે છે કે આધુનિક શિક્ષણ પદ્ધતિ ખામી વાળી છે એટલુંજ નહિ પણ નાશકારક છે. જો આવી પદ્ધતિનો પ્રચાર લાંબા સમય સુધી રહેતો દેશની સ્થિતિ ઘણીજ કફોડી થવા સંભવ છે. પ્રાતઃસ્મરણીય લાલાજી કહે છે કે:—કોઇપણ વિદેશી સરકાર જે કેળવણી પોતાના કબજાવાળા દેશના યુવકોને આપે છે. તે એક દેશ ઉપરનો પોતાનો કાબુ બળવત્તર કરવાના હેતુથીજ આપે

આ મુદ્દો બધા મુલકોને લાગુ પડે છે. દાખલા તરીકે જાપાનમાં જે કેળ-વણી અપાય છે, તે એવી છે કે જેથી જાપાનમાં રાજ્યનું સર્વોપરીપણું કાયમને માટે ચાલુ રહે. એટલે જે વાત જાપાન જેવી રાષ્ટ્રિય સરકારને માટે સાચી પડે તે વાત અહિંની વિદેશી સરકારને માટે તો વળી હજાર ગણે દરજ્જે વધારે સાચી પડે. આ સત્ય ૫૦ વરસથી દેખાયું છે પણ ચાલુ તંત્રની નિયંત્રણાને લીધે આપણે અત્યાર સુધી ઉંચી આંખ પણ કરી શકયા નથી.

ત્યારે પ્રશ્ન એ ઉઠે છે કે કેળવણીનું સ્વરૂપ શું હોવું જોઇએ. ?

કેળવણીની રૂપરેખા:—કોઇપણ કેળવણીની યોજનામાં મહત્વની વાત તો એ છે કે:–તેનું બંધારણ પ્રાચીન સંસ્કૃતિમાં આધુનિક વિકાસના પ્રકાશથી ફેરફાર કરીને રચાવું જોઇએ. હરકોઇ પ્રકારની સારી વાતનો સ્વીકાર કરી મનન કરવા જોગ છે. ધર્મભેદ કે બીજી સંકડામણની કેટ-લીક વાતો સાંપ્રત સંસ્કૃતિમાં ઇચ્છવા જોગ ન હોઇ શકે છતાં વિજ્ઞાન આદિની પશ્ચિમની અજબ પ્રગતિનાં વખાણ કર્યા વિના કોઇ નહિ રહે. આ બધી પ્રગતિનાં સાધનોનાં બીજ આપણા દેશમાં કેમ વવાવા નજોઇએ ?

આ બધી વાત મ્હેં જે કરી તેનું ટુંકામાં તારતમ્ય શું હોઇ શકે ? તેતો આપના ગળે ઉતર્યું હશે. આ મહાસભા કાઠિયાવાડ વિદ્યાર્થી આલ-મની છે અને તે અત્યારે દેશ માગે છે તેવી બંધબેસતી કેળવણી માગવા માટે પડઘમ બજાવે છે. કેટલાક આગેવાનો એમ કહે છે કે–વિદ્યાર્થીઓએ આવી ચળવળમાં ભાગ ન લેવો જોઇએ પણ મ્હારે માન સાથે જુદા પડી કઈ દેવું જોઇએ કે:–આગામી વિદ્યાર્થી–આલમ એ ભવિષ્યના શહે-રીઓ છે અને ભવિષ્યમાં જ સ્વરાજ્ય મળવાનું છે તેના તેઓ સ્તંભ-રૂપ છે. પાયાની મજબુતી વિના જબરજસ્ત ઇમારતો પણ જમીનદોસ્ત થઈ જાય છે એ તેમણે ભૂલવું ન જોઇએ.

અત્યારે જે અપૂર્વ ઉત્સાહ વિદ્યાર્થી આલમમાં ફેલાયો છે તેનો આપણે અવશ્ય લાભ લેવો જોઇએ. એ તક ગુમાવવી ન જોઇએ. વિદ્યાર્થી ભાઇઓને વિનતિ છે કે:—તેમણે સખત બ્રહ્મચર્ય પાળી રાષ્ટ્રનો ઉદ્ધાર થાય એવી કેળવણી માટે કટિબદ્ધ થવું જોઇએ. તેમને ખાસ સલાહ છે કે:—તેમણે સહિષ્ણુતાનો ગુણ ધારણ કરી તદ્દન અહિંસાત્મક ક્રિયા કરી વિરોધીઓનો સેજ પણ દ્વેષ કર્યા સિવાય ઉત્સાહથી દેશોદ્ધાર માટે યોગ્ય સંકલ્પ કરવો જોઇએ.

વિદ્યાર્થીઓ આ નવયુગના સ્વતંત્રતાના સૈનિકો છે જેને માટે મહુને અધ્યાપક શ્રીમાન્ વાસવાણીજીના શબ્દો યાદ આવે છે—" મુક્તિના સૈનિ-કોમાં મુખ્ય ગણ લક્ષણોની જરૂર છે તેમાં [illegible] તો બ્રહ્મચર્ય, ...

વિલાસનો સમય નથી; તમારે ઇજ્જતની રક્ષા કરવાની જરૂર છે. બીજું લક્ષણ અહિંસાનું છે જેમાં કોઈની પણ લાગણી ન દુભવવાનો સમાવેશ થઇ જાય છે. તમારે તપશ્ચર્યાની તલવાર લેવાની છે; ત્રીજું લક્ષણ માતૃભૂમિના બળમાં અનંત શ્રદ્ધા જે લોકો કહે છે કેઃ—ભારત માતા નિર્બળ છે તેમનું કહેવું નિર્બળ છે. તમે એવી વાત ન કરો × × × × આ વિભૂતિઓનો આદેશ આપણને સ્વરાજ્ય મેળવવા આવ્હાનન કરી રહ્યો છે. તે આદેશ પ્રમાણે વર્ત્તી શકીએ તે માટે આપણામાં ત્રણ ગુણો હોવા જોઇએ બ્રહ્મચર્ય, અહિંસા અને શ્રદ્ધા.

આ સમય સુવાનો નથી; આરામ ભોગવવાનો નથી; સ્વરાજ્ય તરફ કુચ કરવાનો છે. સ્વતંત્રતાના સૈનિકો! ઉઠો ! જાગૃત થાવ ! માતૃભૂમિનું પૂજન કરી હૃદયમાં પવિત્રતા, શુદ્ધતા ધારણ કરી પરમાત્માનો મંત્ર જપતાં જપતાં જલ્દી ચાલો. રાષ્ટ્રિય મહા વિદ્યાલયો અને વિદ્યાપીઠમાં જોકે સુન્દર સામાન નથી, સુંદર મકાન નથી, પણ ત્યાં બધાથી મ્હોટી વિદ્યા એક પવિત્ર શાસ્ત્ર શિખવાય છે, અને તે વિદ્યા સ્વરાજ્ય, સ્વરાજ્ય અને સ્વરાજ્ય છે.

રાષ્ટ્રિય શાળાઓમાં દાખલ થઇને સ્વરાજ્યની વિદ્યાનો અભ્યાસ અચ્છી રીતે બની શકે છે. સામાન્ય વિષયોનો અભ્યાસ અચ્છી રીતે ન થઇ શકે પણ સ્વરાજ્યની વિદ્યાની ધુન સતત અનવચ્છિન્ન વહે છે.

આપણાં શાસ્ત્રોમાં એક કથા છે કે એક ગોપી કૃષ્ણ દર્શન માટે તલસી રહી છે તે બારણે ઉભી છે. કોઈની સાથે બોલતી નથી. માણસો આવે છે અને જાય છે નાના વિધ પ્રશ્નો પૂછે છે. એનો બાપ, માતા, ભાઇ, બ્હેન સર્વ એને એવી ગમગીનીનું કારણ પૂછે છે, એ બોલતી નથી. બારણે ઉભા ઉભા એ એના પ્રિયતમ કૃષ્ણચંદ્રની વાટ જુએ છે. મનમાં એ કૃષ્ણચંદ્રનું રટણ કરે છે. એના અંત;કરણમાંથી "મ્હેં પ્યાસી હું, મ્હેં પ્યાસી હું, મ્હેં પ્યાસી હું" એ એકજ નાદ નીકળે છે. તમારા દરેકના અંતઃકરણમાંથી સ્વરાજ્યના પ્યાસનો નાદ નીકળવો જોઇએ કેઃ— "મ્હેં પ્યાસી હું મ્હેં પ્યાસી હું મ્હેં પ્યાસી હું."

રાષ્ટ્રિય શિક્ષણની પ્યાસ રાખ્યા વિના ઉપર કહ્યું તે બને શકે તેમ નથી માટેજ આપણે મહાસભાએ બની શકે તેટલો ઉહાપોહ કરી તે કંઇ બંધારણ પૂર્વક પાર પાડવા પૂરતો પ્રયત્ન કરનારૂં બળ પ્રભુ આપણી નસોનસમાં રેડે એવી પરમ કૃપાળુ પ્રભુ પાસે અભ્યર્થના છે.

इत्यलम्

કાઠિયાવાડ વિદ્યાર્થી પરિષદમાં પસાર થએલા ઠરાવો.

રાજકોટ ખાતે આચાર્યશ્રી કીપ્લાણીજીના પ્રમુખપણા નીચે મળેલી કાઠીયાવાડ વીદ્યાર્થી પરિષદમાં નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા:—

ઠરાવ પહેલો—'આ પરીષદ કાઠીયાવાડનાં દરેક દેશી રાજ્યોની પાસે આગ્રહપુર્વક માગણી કરે છે કે રાજ્યની પ્રત્યેકશાળામાં રાષ્ટ્રીય શીક્ષણ (એટલે કે માતૃભાષાદ્વારા ઔદ્યોગીકમાં રેંટીયો મુખ્ય, અંગ્રેજી ગૌણ) જલદીથી દાખલ કરવું.'

ઠરાવ બીજો—'આ પરિષદ કાઠિયાવાડનાં દરેક દેશી રાજ્યોને એમ આગ્રહ કરે છે કે; તેઓએ પોતાના રાજ્યના કેળવણી ખાતામાં વર્તમાન સમયમાં વધતી જતી જરૂરીયાતોના પ્રમાણમાં ખર્ચ વધારવું અને પોતપોતાની શાળાઓમાં પ્રાથમીક શીક્ષણ મફત અને ફરજીયાત બનાવવું.

ઠરાવ ત્રીજો—'અત્યાર સુધી અંત્યજ વર્ગ તરફ દરેક બાબતમાં દુર્લક્ષ રહેવાથી આ વર્ગ કેળવણીની બાબતમાં ઘણોજ પછાત પડી રહેલ છે, જેથી આ પરિષદ એમ ઠરાવે છે કે કાઠીયાવાડની દરેક શાળામાં અંત્યજોને દાખલ કરવા.

ઠરાવ ચોથો—'આ પરિષદ કાઠીયાવાડના દરેક નવયુવકને આગ્રહ પુર્વક વીનવે છે કે પ્રત્યેક વિદ્યાર્થી ભાઇએ સ્વદેશીવ્રત ધારણ કરવું.'

આ ઠરાવ સૌ. મણી બ્હેન વલ્લભભાઇએ મુકયો હતો અને તેને સૌ. નર્મદા બ્હેન તથા સૌ. ઝવેર બ્હેને અનુમોદન આપ્યું હતું.

ઠરાવ પાંચમો—' કાઠીયાવાડમાં રાષ્ટ્રીય કેળવણીના પ્રશ્નનો ઉકેલ કરવા, કેળવણીની રાષ્ટ્ર ભાવના કાયમ કરવા અને તેને અંગે પ્રત્યેક પ્રવૃતિ જારી રાખવા આ પરિષદ એક રાષ્ટ્રીય કેળવણી મંડળ સ્થાપવાનું ઠરાવે છે અને તેને માટે નીચે પ્રમાણે સભ્યો નીમે છે.''

સભ્યો—શ્રીયુત વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ, રા. દેવચંદ ઉત્તમચંદ પારેખ, રા. મનસુખલાલ રવજીભાઈ મહેતા, રા. નૃસિંહપ્રસાદ કાલીદાસ ભટ્ટ, રા. ગીરજાશંકર બધેકા, રા. મણીલાલ વી. કોઠારી, રા. અમૃતલાલ દલપતભાઇ શેઠ, રા. મણીલાલ હાકેમચંદ, રા. રામજી માણેકચંદ દોશી, રા. ફુલચંદ ઝવેરચંદ, રા. બળવંતરાયભાઇ અને રા. ત્રીકમલાલ શાહ.

ઓન. સેક્રેટરીઓ——આ[illegible] વી[illegible]ગ શુકલ, [illegible]લાલ [illegible] [illegible] અને ગીરજાશંકર [illegible] ત્રિવેદી.